# કામકાજ સલાહકાર સમિતિનો અહેવાલ

## રજૂ કરવાની રીત

**અધ્યક્ષશ્રી:–** હું કામકાજ સલાહકાર સમિતિનો **સાતમો** અહેવાલ રજૂ કરું છું.

ગુજરાત વિધાનસભાના નિયમોના નિયમ–૧૯૨ અન્વયે મળેલ સત્તાની રૂએ, હું કામકાજ સલાહકાર સમિતિનો સાતમો અહેવાલ રજૂ કરું છું.

સમિતિની બેઠક મંગળવાર, તા.૨૦મી ઓગસ્ટ, ૨૦૨૪ના રોજ બપોરના ૧૨–૩૦ વાગ્યે માનનીય અધ્યક્ષશ્રીના સમિતિખંડમાં મળી હતી. સમિતિએ આ બેઠકમાં નીચે મુજબની ભલામણો કરી છે.

**૧.** બુધવાર, તા.૨૧/૦૮/૨૦૨૪ના રોજ નિયમ–૧૨૦ અન્વયેનો માનનીય મુખ્યમંત્રીશ્રીનો સરકારી સંકલ્પ (નિયમ–૧૨૦)

હાથ ધરવો તથા તેના પર ચર્ચા માટે ૯૦ મિનિટનો સમય ફાળવવો. ત્યારબાદ સન ૨૦૨૪નું વિધેયક ક્રમાંક–૧૨–સન ૨૦૨૪નું ગુજરાત માનવ બલિદાન અને બીજા અમાનુષી, અનિષ્ટ અને અઘોરી પ્રથા અને કાળા જાદુ અટકાવવા અને (તેનું) નિર્મૂલન કરવા બાબત વિધેયક ચર્ચા માટે હાથ ધરવું અને જરૂર પડ્યે સભાગૃહનો સમય લંબાવીને પણ તેની વિચારણા પૂરી કરવી.

**૨.** ગુરુવાર, તા.૨૨/૦૮/૨૦૨૪ના રોજ નિયમ–૧૦૦ અન્વયેનો માનનીય વન અને પર્યાવરણ મંત્રીશ્રી મુળુભાઇ બેરાનો ભારતના બંધારણના અનુચ્છેદ–૨૫૨(૧) અન્વયેનો 'પાણી (પ્રદૂષણ નિવારણ અને નિયંત્રણ) સુધારા અધિનિયમ, ૨૦૨૪'નો ગુજરાત રાજ્યમાં અમલ કરવા બાબતના પ્રસ્તાવને વિચારણા માટે હાથ ધરવો અને તેને ૬૦ મિનિટનો સમય ફાળવવો. ત્યારબાદ નીચે દર્શાવેલા ક્રમમાં સરકારી વિધેયકો ચર્ચા માટે હાથ ધરવાં અને તેની વિચારણા પૂરી કરવી.

(૧) ૨૦૨૪નું વિધેયક ક્રમાંક–૧૩–સન

૨૦૨૪નું ગુજરાત માલ અને સેવા વેરા (સુધારા) વિધેયક.

(૨) ૨૦૨૪નું વિધેયક ક્રમાંક–૧૧–સન ૨૦૨૪નું ગુજરાત નશાબંધી (સુધારા) વિધેયક.

**3.** શુક્રવાર, તા.૨૩/૦૮/૨૦૨૪ના રોજ નીચે દર્શાવેલા ક્રમમાં સરકારી વિધેયકો ચર્ચા માટે હાથ ધરવાં અને તેની વિચારણા પૂરી કરવી.

(૧) ૨૦૨૪નું વિધેયક ક્રમાંક–૧૫–સન ૨૦૨૪નું ગુજરાત વિશેષ કોર્ટ વિધેયક.

(૨) ૨૦૨૪નું વિધેયક ક્રમાંક–૧૪–સન ૨૦૨૪નું ગુજરાત ખાનગી યુનિવર્સિટી (સુધારા) વિધેયક.

**NEXT**